ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ-ગાંધીનગર દ્વારા આયોજિત

કુમારનું સુપ્રીમ સહાયક પુસ્તક

મુખ્ય સેવિકા (વર્ગ-૩)

સૂચિત નવા અભ્યાસક્રમ મુજબ

મુખ્યસેવિકાના કાર્યો-ફરજો સહિત સંપૂર્ણ અભ્યાસક્રમનાં તમામ મહત્ત્વનાં- M.C.Q.

અદ્યતન આવૃત્તિ | મોડેલ પેપર-જવાબો સહિત



First Choice of New Generation for Brilliant Success... ☞ KUMAR

કુમાર પ્રકાશન

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ-ગાંધીનગર દ્વારા આયોજિત

કુમારનું સુપ્રીમ સહાયક પુસ્તક

મુખ્ય સેવિકા (વર્ગ-૩)

સૂચિત નવા અભ્યાસક્રમ મુજબ

મુખ્યસેવિકાના કાર્યો-ફરજો સહિત સંપૂર્ણ અભ્યાસક્રમનાં તમામ મહત્ત્વનાં- M.C.Q.

અદ્યતન આવૃત્તિ **મોડેલ પેપર-જવાબો સહિત**



સંકલનકાર

પાર્થભાઈ પી. શાહ
(મુખ્ય સંકલનકાર)

જિજ્ઞેશભાઈ એ. ભાવસાર
(સહાયક સંકલનકાર)

પ્રફુલભાઈ ગઢવી
(સહાયક સંકલનકાર)

ભરતભાઈ કે. પટેલ
(સહાયક સંકલનકાર)

First Choice of New Generation for Brilliant Success...! ☞ **KUMAR**

અદ્યતન આવૃત્તિ
2026

કિંમત
₹ 540=00

કુમાર પ્રકાશન (એજ્યુકેશનલ પબ્લિશર્સ)
'સારપ' બિલ્ડીંગ, નવજીવન પ્રેસની સામે, ગુજરાત વિદ્યાપીઠની બાજુમાં, ઇન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ-(M)8866675878

KUMAR PRAKASHAN

(Educational Publishers)

Sarap Building, Nr. C. U. Shah College, Opp. Navjivan Press, Ashram Road, Ahmedabad - 380014.

Ph. : 8866675878

भारत सरकार

[GOVERNMENT OF INDIA]

व्यापार चिन्ह रजिस्ट्री

सत्यमेव जयते Trade Marks Registry

® *Registered : Registrar of Trade Marks has registered the Trade Mark and the name* ***KUMAR PRAKASHAN*** *in respect of Educational Books, Magazines, Examination oriented printed materials, stationary publicity material under* ***No. 668307***

- Latest Edition : **2026**
- Subject : **મુખ્ય સેવિકા**
- ISBN : **978-9384432-65-2**

Type Setting	Printers
Kumar Prakashan Ph. : 8866675878	**Kalptaru Offset** Ph. : 29705035

® *Copy Rights : The matter of this book should not be reproduced in any form* ***i.e.*** *text book, guide, suggestion, pamphlets, notes, testpapers etc. in whole or in part without permission of Publishers in writing. All rights are reserved with the chief Coordinator (Parthbhai P. Shah)*

♦ **Disclaimer :** While writing this book, the authors and co-ordinators have made every efforts to avoid mistakes and omissions and have used their skill, expertise and knowledge to the best of their capacity to provide accurate and updated contents. The authors co-ordinators and publishers does not give any warranty with respect to the completeness of the contents of this publication. The publisher and the authors expressly disclaim anyliability / responsibility to any person whether a purchaser or reader of this publication or not in respect of everything forming part of the contents of this publication.

ખાસ નોંધ : આ પુસ્તક તૈયાર કરતી વખતે શક્ય તેટલી કાળજી રાખવામાં આવી છે. આમ છતાંય માનવસહજ શરતચૂકથી જો કોઈ ક્ષતિ રહી ગયેલ હોય તો પ્રકાશકનું ધ્યાન દોરવા વિનંતી. કોઈપણ ભૂલ કે ખામી માટે લેખકો અને પ્રકાશકનો કોઈ ઈરાદો નથી. સરકારી યોજનાઓ માટે પ્રમાણભૂત વેબસાઈટનો ઉપયોગ કરવા વિનંતી.





મુખ્ય સેવિકા વર્ગ-3 નું આ પુસ્તક શા માટે સૌથી વધુ ઉપયોગી ?.....

1. આ પુસ્તકમાં સૂચિત નવા અભ્યાસક્રમની તમામ મહત્ત્વની બાબતો આવરી લેવામાં આવી છે.
2. અગાઉ યોજાયેલ પરીક્ષાનું પ્રશ્નપત્ર ધ્યાનમાં રાખીને આ પુસ્તકનું ઘડતર કરવામાં આવ્યું છે.
3. ગુજરાતની મુખ્ય સેવિકાના કાર્યો અને તેની ફરજોને લગતી મહત્ત્વની માહિતી આપવામાં આવી છે.
4. માનવ શરીરની રચના, વિવિધ અંગો, રોગો, રસીકરણને લગતો ચાર્ટ સાથે સમજૂતી....
5. ICDS ને લગતી તથા બાળ વિકાસ અને બાળ મનોવિજ્ઞાનને લગતી મહત્ત્વની માહિતી....

આ ઉપરાંત સૂચિત અભ્યાસક્રમ મુજબ

- (1) ગુજરાતી વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ
  (2) સામાન્ય ગણિત, તાર્કિક ક્ષમતા અને માહિતીનું અર્થઘટન
  (3) સામાન્ય અભ્યાસ અને તાજેતરના બનાવોને લગતા M.C.Q. આવરી લેવામાં આવ્યા છે.

ખાસ સૂચના

- કોઈપણ પુસ્તક સાથે આ પુસ્તકની સરખામણી કરો અને જાતે જ નિર્ણય કરો.....

અનુક્રમણિકા

1 મુખ્ય સેવિકાના કાર્યો અને શૈક્ષણિક લાયકાતને લગતા પ્રશ્નો

1. પ્રાથમિક આરોગ્ય સંભાળ તથા મુખ્ય સેવિકાની કામગીરી 02
2. મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની ભૂમિકાઓ અને જવાબદારીઓ 03
3. સ્ત્રી આરોગ્ય વર્કર 04
4. માનવીના શારીરિક અવયવોના નામ 06
5. માનવીના શારીરિક રોગોને લગતા શબ્દો 08
6. માનવીના વિવિધ અંગો તથા રોગોની સમજૂતી ... 11
7. માનવ શરીરની રચના 16
8. માનવને થતા સામાન્ય રોગો - લક્ષણો - ઉપચાર 28
9. માનવ શરીરના બંધારણ તત્ત્વો 30
10. વિવિધ માનવીઓની કેલરીની જરૂરિયાત 30
11. વિવિધ રોગો અને તેનો ઉપચાર 31
12. રસીકરણ - ઉંમર - ડોઝ અને ફાયદા 32
13. વિવિધ પ્રકારના વિટામિન અને આહાર તથા તેની અસરો 32
14. ખોરાકમાંથી મળતા પોષક તત્ત્વો 33
15. પુખ્તો માટે પોષક તત્ત્વોની દૈનિક આવશ્યકતા 37
16. વિવિધ લોકો માટે પ્રોટીનની જરૂરીયાત 37
17. આહારમાં ખનિજની ઉણપથી થતા રોગો 37
18. આહારના દ્રવ્યો - સ્ત્રોત - કાર્યો અને ઊણપથી થતી અસરો 38
19. માતા મૃત્યુદર 38
20. શિશુ મૃત્યુદર 39
21. બાળ વિકાસ અને બાળ મનોવિજ્ઞાન 40
22. સંકલિત બાળ વિકાસ સેવાઓ 47
23. અગત્યના આરોગ્ય વિષયક ઉજવાતા દિવસો 55

➢ બહુવિકલ્પી પ્રશ્નો 56
➢ અગાઉની પરીક્ષામાં પૂછાયેલ પ્રશ્નો 74
➢ આદર્શ પ્રશ્નપત્ર 90

2 સામાન્ય જાગૃતિ અને સામાન્ય જ્ઞાન

1. ગુજરાતનો ઇતિહાસ 01
2. ભારતનો ઇતિહાસ 10
3. ગુજરાતનો સાંસ્કૃતિક વારસો 18
4. ભારતનો સાંસ્કૃતિક વારસો 24
5. ગુજરાતની ભૂગોળ 29
6. ભારતની ભૂગોળ 34
7. ભારતનું બંધારણ 45
8. ભારતીય અર્થવ્યવસ્થા 57
9. વિજ્ઞાન અને ટૅક્નોલૉજી 73
10. પંચાયતી રાજ 78
11. ગુજરાતની રાજનીતિ 86
12. ખેલકૂદ અને રમતો 91
13. કમ્પ્યૂટરનું બેઝીક નોલેજ 99

3 ગુજરાતી વ્યાકરણ

1. જોડણી 108
2. વિરુદ્ધાર્થી શબ્દો 113
3. સમાનાર્થી શબ્દો 115
4. શબ્દસમૂહ માટે એક શબ્દ 118
5. રૂઢિપ્રયોગો 123
6. સંધિ જોડો અને છોડો (વિગ્રહ લખો) 127
7. સમાસનો વિગ્રહ અને ઓળખ 132
8. અલંકાર અને તેના પ્રકારો 137
9. છંદની ઓળખ 142
10. કર્તરિ, કર્મણિ, ભાવે અને પ્રેરક વાક્યો 147
11. કહેવતો 149
12. સાર ગ્રહણ 153
13. વિભક્તિ, નિપાત અને કૃદંત 157

4 અંગ્રેજી વ્યાકરણ

1. Articles - A, An, The 159
2. This - that & These - those 161
3. 'Wh' Question 161
4. Tenses 162
5. Auxiliaries (Primary) 169
6. Model Auxiliaries 171
7. Active & Passive Voice 172
8. Degree to Comparison 174
9. Errors In Sentences 177
10. Vocabulary 179
11. Correct Spelling 182
12. Translation 185
➤ Whole Exercise 189

5 સામાન્ય ગણિત

1. સંખ્યા પદ્ધતિ 196
2. પૂર્ણ સંખ્યાઓની ગણતરી 199
3. દશાંશ અપૂર્ણાંક 201
4. પૂર્ણાંક સંખ્યાઓ 203
5. સાદુંરૂપ - સરળીકરણ 206
6. લઘુત્તમ સામાન્ય અવયવી અને ગુરુત્તમ સામાન્ય અવયવી 210
7. સંખ્યા શ્રેણી 212
8. સાદું વ્યાજ 215
9. ચક્રવૃદ્ધિ વ્યાજ 217
10. ગુણોત્તર અને પ્રમાણ 220
11. નફો - ખોટ 224
12. સરાસરી 228
13. ટકાવારી 230
14. ક્ષેત્રફળ 233
15. ઘનફળ 237
16. મધ્યક, સમાંતર મધ્યક અને ગુણોત્તર મધ્યક 239
17. સમાંતર શ્રેણી અને ગુણોત્તર શ્રેણી 241
18. વટાવ 243
19. ભાગીદારી 246
20. ઘાત અને ઘાતાંક 249
21. લુપ્ત સંખ્યા શોધવી 250
22. સમય અને અંતર 252
23. નળ અને ટાંકી 256

6 તાર્કિક ક્ષમતા અને માહિતીનું અર્થઘટન

1. સમસંબંધ સમાનતા 258
2. વર્ગીકરણ 261
3. શબ્દનિર્માણ 263
4. શબ્દોની તાર્કિક ગોઠવણી 265
5. પદાનુક્રમ ગોઠવણી 266
6. દિશા અને અંતર 267
7. સંબંધ વિષયક પ્રશ્નો 273
8. ઘડિયાળ, કેલેન્ડર અને ઉંમર સંબંધિત પ્રશ્નો 277
9. સંખ્યઓની શ્રેણી, લૂપ્ત સંખ્યા શોધવી, સંકેત અને તેનો ઉકેલ 289
10. આકૃતિઓ તથા તેના પેટા વિભાગો, વેન આકૃતિઓ અને અનુમેયના નિયમની સમસ્યા 301
11. વિશ્લેષણાત્મક ક્ષમતા 330
12. સંકેતો અને ચિહ્નો 348
13. ઘન અને પાસા 350
14. માહિતીનું અર્થઘટન 352

7 તાજેતરના બનાવો 362

યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન પામેલા ભારતના સ્થળો

ક્રમ	સ્થળનું નામ	રાજ્ય	વર્ષ
1	અજંતાની ગુફાઓ	મહારાષ્ટ્ર	1983
2	ઈલોરાની ગુફાઓ	મહારાષ્ટ્ર	1983
3	આગ્રાનો કિલ્લો	ઉત્તર પ્રદેશ	1983
4	તાજમહલ	ઉત્તર પ્રદેશ	1983
5	કોણાર્કનું સૂર્ય મંદિર	ઓડિશા	1984
6	મહાબલપુરમ સ્મારક	તમિલનાડુ	1984
7	કાઝીરંગા નેશનલ પાર્ક	આસામ	1985
8	માનસ અભ્યાસરણ્ય	આસામ	1985
9	કીયોલેડિયો નેશનલ પાર્ક, ભરતપુર	રાજસ્થાન	1985
10	ચર્ચ અને કોન્વેટ	ગોવા	1986
11	હમ્પિ સ્મારક સમૂહ	કર્ણાટક	1986
12	ખજૂરાહો સ્મારક સમૂહ	મધ્ય પ્રદેશ	1986
13	ફતેહપુર સિકરી	ઉત્તર પ્રદેશ	1986
14	પટ્ટદકલ સ્મારક સમૂહ	કર્ણાટક	1986
15	એલીફન્ટાની ગુફાઓ	મહારાષ્ટ્ર	1987
16	ચોલ મંદિર	તમિલનાડુ	1987
17	સુંદરવન નેશનલ પાર્ક	પશ્ચિમ બંગાળ	1987
18	નંદાદેવી અને વેલી ઓફ ફલાવર્સ નેશનલ પાર્ક	ઉત્તરાખંડ	1988
19	બુદ્ધિસ્ટ સ્મારક (સાંચી)	મધ્ય પ્રદેશ	1989
20	હુમાયુનો મકબરો	દિલ્હી	1993
21	કુતુબમિનાર અને ત્યાં આવેલા અવશેષો	દિલ્હી	1993
22	નીલગિરિ પર્વતીય રેલવે	તમિલનાડુ	1999
23	મહાબોધ મંદિર (બોધગયા)	બિહાર	2002
24	ભીમબેટકાની ગુફાઓ	મધ્ય પ્રદેશ	2003
25	ચાંપાનેર-પાવાગઢ પુરાતત્વીય પાર્ક	ગુજરાત	2004
26	છત્રપતિ શિવાજી ટર્મિનસ (વિક્ટોરિયા ટર્મિનસ)	મહારાષ્ટ્ર	2004
27	લાલ કિલ્લો	દિલ્હી	2007
28	જંતર-મંતર (જયપુર)	રાજસ્થાન	2010
29	પશ્ચિમઘાટ (અગત્સ્યમલાઈ, પેરિયાર, નીલગિરિ, તલકાવેરી, કુદ્રેમુખ અને સહ્યાદ્રી ભાગ)	–	2012
30	રાજસ્થાનના પર્તવીય કિલ્લાઓ (ચિત્તોડગઢ, કુંતલગઢ, રણથંભોર, અંબર અને જેસલમેર	રાજસ્થાન	2013
31	રાણકીવાવ	ગુજરાત	2014
32	ગ્રેટ હિમાલય નેશનલ પાર્ક	હિમાચલ પ્રદેશ	2014
33	નાલંદા યુનિવર્સિટી	બિહાર	2016
34	કાંચનજંઘા નેશનલ પાર્ક	સિક્કિમ	2016
35	કેપિટોલ કોમ્પ્લેક્સ (આર્કિટેક્ચરલ કાર્ય)	ચંદીગઢ	2016
36	ઐતિહાસિક શહેર - અમદાવાદ	અમદાવાદ	2017
37	વિક્ટોરીયન ગોથિક અને આર્ટ ડેકો એન્સેમ્બલ્સ (94 સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા બિલ્ડીંગ)	ફોર્ટ એરિયા-મુંબઈ	2018
38	જયપુર શહેર (ગુલાબી શહેર)	રાજસ્થાન	2019
39	કાકતીયા રુદ્રેશ્વર (રામપ્પા) મંદીર	તેલંગાણા	2021
40	ધોળાવીરા, હડપ્પન શહેર	ગુજરાત	2021
41	શાંતિનિકેતન	પ.બંગાળ	2023
42	હોયસાલાના પવિત્ર મંદિરો	કર્ણાટક	2023
44	મોઈદમ	આસામ	2024
45	મરાઠા લશ્કરી લેન્ડસ્કેપ્સ (11 કિલ્લા મહારાષ્ટ્ર અને 1 કિલ્લો તમિલનાડુ)	–	2025

ગુજરાત સરકાર

દ્વારા ભરતી કરવામાં આવેલ

મુખ્ય સેવિકા

વર્ગ-3

કાર્યો અને ફરજો



મુખ્ય સેવિકાનો મુખ્ય હેતુ એ છે કે, મહિલાઓ, બાળકો અને કિશોરીઓના સર્વાંગી વિકાસ માટે સરકારની વિવિધ યોજનાઓનો અસરકારક અમલ કરવો અને સમાજના દરેક વર્ગ સુધી સેવો પહોંચાડવી.

1 આંગણવાડી કેન્દ્રનું સંચાલન અને દેખરેખ

આંગણવાડી કેન્દ્રનું યોગ્ય સંચાલન, નિયમિત કામકાજ અને રેકોર્ડ રાખવાની દેખરેખ રાખવી.



2 લાભાર્થીઓની ઓળખ અને નોંધણી

ગર્ભવતી મહિલાઓ, ધાત્રી માતાઓ, ૦ થી ૬ વર્ષની બાળકો અને કિશોરીઓની ઓળખ કરી તેમની નોંધણી કરવી.



3 આરોગ્ય અને પોષણ સમિતિ સાથે સંકલન

આરોગ્ય વિભાગ સાથે સંકલન રાખી રસીકરણ, આરોગ્ય તપાસણી, પોષણ સેવા વગેરે સુનિશ્ચિત કરવી.



4 પૂરક પોષણ કાર્યક્રમની અમલવારી

બાળકો, ગર્ભવતી અને ધાત્રી મહિલાઓને મળતું પૂરક પોષણનો નિયમિત વિતરણ અને દેખરેખ રાખવી.



5 મહિલા અને બાળ વિકાસ યોજનાઓની અમલવારી

સરકારની વિવિધ યોજનાઓ જેમ કે સગી યોજના, બાળ શક્તિ યોજના, કિશોરી શક્તિ યોજનાની માહિતી આપી અમલ કરાવવી.



6 જનજાગૃતિ પ્રવૃત્તિઓ

સ્વચ્છતા, પોષણ, આરોગ્ય, શિક્ષણ, કુટુંબ કલ્યાણ, બાળ સુરક્ષા વગેરે વિષયોમાં જનજાગૃતિ લાવવી.



7 રેકોર્ડ અને અહેવાલ તૈયાર કરવાં

લાભાર્થીઓનો રેકોર્ડ, માસિક અહેવાલ, હાજરી, વિતરણ અને અન્ય દસ્તાવેજો યોગ્ય રીતે જાળવવા.



8 સર્વે અને માહિતી એકત્રિત કરવી

ગામ/વિસ્તારનો વસ્તી, બાળકો, ગર્ભવતી મહિલાઓ અને સુવિધાઓ અંગેની માહિતી એકત્રિત કરી અહેવાલ આપવાં.



9 સમુદાય સાથે સંકલન અને સહયોગ

ગામ પંચાયત, મહિલા મંડળ, યુવા મંડળ અને અન્ય સંસ્થાઓ સાથે સંકલન રાખી કાર્યક્રમો સફળ બનાવવા.



10 નિવારણ અને સુરક્ષા માટે કાર્ય કરવાં

કુપોષણ, સગીરાઓ, બાળ લગ્ન, મહિલાઓ પર હિંસા જેવી સમસ્યાઓ અંગે જાગૃતતા લાવવી યોગ્ય કાર્યવાહી માટે પ્રયત્ન કરવા.



મુખ્ય સેવિકા સમાજ અને સરકાર વચ્ચેનો મહત્વપૂર્ણ સેતુ છે.
તેના કાર્યથી મહિલાઓ અને બાળકોનો સર્વાંગી વિકાસ શક્ય બને છે.

2026-2027

1 મુખ્ય સેવિકાના કાર્યો અને શૈક્ષણિક લાયકાતને લગતા પ્રશ્નો

1 પ્રાથમિક આરોગ્ય સંભાળ તથા મુખ્ય સેવિકાની કામગીરી

1. **પ્રસ્તાવના :** ભારતમાં અંદાજે 6,38,000 ગામડાઓ છે. 63% વસ્તી 1000 થી 5000 લોકોની વસ્તી ધરાવતા ગામડાઓમાં વસવાટ કરે છે. 15% લોકો 5000થી વધુ વસ્તીવાળા મોટા ગામડાઓમાં વસે છે. ભારતમાં 3200 નગરો, મહાનગરો અને તાલુકાઓમાં શહેરી વસ્તી છે. ઘણા ગામડાઓમાં હજુ પણ પ્રાથમિક આરોગ્યની પૂરતા પ્રમાણમાં સુવિધાઓ નથી અને તેથી અસંખ્ય બાળકો કુપોષણના શિકાર બન્યા છે. તેથી હવે સરકાર પણ પ્રાથમિક આરોગ્યની સંભાળ માટે જાગૃત બની છે.

2. **પ્રાથમિક આરોગ્ય સંભાળનો અર્થ :** સમાજ અને દેશને આર્થિક રીતે પોષાય તથા સમાજને સ્વીકાર્ય હોય અને સમાજની ભાગીદારી હોય તેવી દરેક વ્યક્તિ અને સમાજને મળી રહે તેવી આરોગ્યને લગતી સેવાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંભાળ કહે છે.

3. **પ્રાથમિક આરોગ્ય સેવાના ઘટકો :** પ્રાથમિક આરોગ્ય સેવાઓમાં નીચે દર્શાવિલ બાબતોનો સમાવેશ થાય છે.

(1) સ્થાનિક રોગો ઉપર નિયંત્રણ રાખવું. (2) પોષણયુક્ત ખાદ્ય પદાર્થોનો પુરવઠો રાખવો. (3) આવશ્યક દવાઓનો પુરવઠો રાખવો. (4) સામાન્ય તાવ તથા બીમારીનો ઉપચાર. (5) ઈજા-અકસ્માતનો તબીબી ઉપચાર. (6) માતા-બાળકના આરોગ્ય માટેની તબીબી સેવાઓ. (7) આરોગ્ય અને પરિવાર કલ્યાણ કેન્દ્રો. (8) રસીકરણ (રોગ પ્રતિકારક પગલાં) (9) આરોગ્ય જાળવણી માટે જનજાગૃતિ, સ્વચ્છતા અભિયાન. (10) પ્રાથમિક સેનિટેશન તથા પીવાનું શુદ્ધ પાણી.

ઉપર દર્શાવિલ વિવિધ સેવાઓ ભારતના તમામ ગામડાં અને શહેરોમાં મળી રહે તે માટે પગલાં લેવામાં આવ્યા છે.

4. **પ્રાથમિક આરોગ્ય સેવાનું માળખું :** ભારતમાં ગામડાઓ, નગરો તથા શહેરી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે સરકારે નીચે મુજબ માળખું ગોઠવેલું છે.

(અ) **ગ્રામ્ય વિસ્તાર :** ગામડાઓમાં મલ્ટી પરપઝ પુરુષ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર (FHW), આંગણવાડી કાર્યકર, માનદ્ વર્કર, એક્રિડેટેડ સોશિયલ હેલ્થ એક્ટિવિસ્ટ (ASHA) તથા તાલીમ પામેલ દાયણો હોય છે.

(બ) **પેટા કેન્દ્રો :** 5000ની વસ્તી ધરાવતા આદિવાસી વિસ્તારમાં તથા 3000ની વસ્તી ધરાવતા પહાડી વિસ્તારમાં પેટા આરોગ્ય કેન્દ્રોની વ્યવસ્થા છે. તેમાં મલ્ટી પરપઝ પુરુષ અને સ્ત્રી હેલ્થ વર્કર હોય છે.

(ક) **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર** (PHC) **:** 30,000ની વસ્તી ધરાવતા આદિવાસી વિસ્તારમાં તથા 20,000ની વસ્તી ધરાવતા પહાડી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) સ્થાપવામાં આવેલ છે. તેમાં ડૉક્ટર તથા મલ્ટી પરપઝ વર્કર સેવા આપે છે.

(ડ) **કોમ્યુનિટી હેલ્થ સેન્ટર** (CHC) **:** જે વિસ્તારમાં 1,00,000 કે તેથી વધુ વસ્તી હોય તેવા શહેરોમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટરની રચના કરવામાં આવી છે.

5. **પ્રાથમિક આરોગ્ય સેવાઓ માટે ત્રણ સ્તરીય વ્યવસ્થા :**

(1) **પ્રથમ સ્તર :** ચારથી પાંચ ગામડાઓ વચ્ચે પેટા આરોગ્ય કેન્દ્રની વ્યવસ્થા છે તથા 25 થી 30 ગામડા વચ્ચે તાલુકા કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની (PHC)ની રચના કરવામાં આવી છે.

(2) **બીજુ સ્તર :** તાલુકા કક્ષાએ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર અને જિલ્લા કક્ષાએ સિવિલ હોસ્પિટલ આરોગ્યને લગતી સેવાઓ આપે છે.

(3) **ત્રીજુ સ્તર :** મેડિકલ કૉલેજ સાથે જોડાયેલ ટીચિંગ હોસ્પિટલ પણ આરોગ્યની સેવાઓ આપે છે.

મુખ્ય સેવિકાની કામગીરી

1. મુખ્ય સેવિકાને ફાળવવામાં આવેલ વિસ્તારમાં સર્વે કરવામાં, ગામમાં કુટુંબોની યાદી તૈયાર કરવામાં, કાર્યક્રમ માટે લાભાર્થીઓની પસંદગી કરવામાં, ગામમાં જન્મ-મૃત્યુની નોંધ રાખવામાં આંગણવાડી કાર્યકરને મદદ કરશે અને સલાહ આપશે.
2. આંગણવાડી કાર્યકરો સાથે ચર્ચા કરી તેના વિસ્તારની તમામ આંગણવાડી માટેની પ્રવૃત્તિઓનું પૂર્વ આયોજન કરશે. આ સિવાય મુખ્ય સેવિકા સંકલિત બાળવિકાસ યોજનામાં નક્કી કરેલ વિવિધ લાભ મેળવનાર લાભાર્થીઓની યોગ્ય નોંધ કરી તેમને મેળવેલ સેવાઓનું નિરીક્ષણ કરવું.
3. કુપોષિત તેમજ માંદા બાળકોને શોધી કાઢવામાં, બાળકની સાચી ઉંમર તેમજ વજન જાણવામાં (અને બાળકનું વજન તેના વૃદ્ધિ આલેખમાં યોગ્ય રીતે ભરવામાં), સામાન્ય રોગો માટે દવાઓ આપવામાં અને જોખમી બાળકોને ઓળખી તેમને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા સબ સેન્ટરમાં તબીબી તપાસ અને સારવાર માટે લઈ જવા માટે આંગણવાડી કાર્યકરને તાલીમ અને સલાહ આપશે. આ માટે તે ગ્રામ્ય કક્ષાએ આવા તાલીમ કાર્યક્રમનું આયોજન કરશે.
4. તેમના વિસ્તારોમાં આવેલ તમામ આંગણવાડીઓની મહિનામાં એકવાર તથા પર્વતીય અને આદિવાસી વિસ્તારોમાં આવેલ આંગણવાડીઓનું દર છ અઠવાડિયે એક વાર મુલાકાત લઈ અવલોકન કરી, તેની કામગીરી તથા પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરશે.
5. ઘેર ઘેર મુલાકાત, ગામના લોકો સાથે સતત સંપર્ક, તેમજ ગ્રામસભા યોજવામાં આંગણવાડી કાર્યકરને મદદરૂપ થશે.
6. પોષણ અને આરોગ્યને લગતા અગત્યના સંદેશાઓ ગ્રામ્ય લોકો સુધી પહોંચાડવા યોજના ઘડશે, તે માટે જુદા જુદા માધ્યમોનો ઉપયોગ કરી પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ કાર્યક્રમો